# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૭૦ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૭ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૬, શનિવાર ; ભાદરવા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો





# આજે મોદી શ્રેણીબદ્ધ યોજનાઓ જાહેર કરશે

## મોદીને લિમખેડામાં આવકારવા વનવાસીઓમાં અનેરો ઉત્સાહ : ૧૭૫૭.૯૪ કરોડના ખર્ચે છ પાણી પુરવઠા યોજના અને ૨૦૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર વનવાસી ખેડૂતો માટે ચાર સિંચાઈ યોજના જાહેર કરાશે



અમદાવાદ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તેમના વતન રાજ્ય ગુજરાતમાં જુદી જુદી યોજનાઓની જાહેરાત કરનાર છે. પોતાના ૬૬માં જન્મદિવસે વિવિધ યોજનાઓની જાહેરાત કરવામાં આવનાર છે. મોદીને આવકારવા માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોદી વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વનવાસી જિલ્લાઓ માટે ચાર ઉદ્‌વહન સિંચાઈ યોજના અને છ પાણી પુરવઠા યોજનાની જાહેરાત કરનાર છે. મોદીના સ્વાગત માટે મોટી સંખ્યામાં લોકો લિમખેડામાં ઉમટી પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ તા. ૧૭.૦૯.૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે આર્ટસ કોલેજ મોટા હાથી ધરા, લીમખેડા ખાતે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વનવાસી જિલ્લાઓ માટે ઉદવહન સિંચાઈ અને પાણી પુરવઠા યોજનાઓની જાહેરાત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લીમખેડા મુલાકાતના પગલે તેમના જન્મ દિન પ્રસંગે સમગ્ર દાહોદ જિલ્લાના વનવાસીઓમાં વડાપ્રધાનને આવકારવાનો અનેરો થનગણાટ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનનું વનબંધુઓ દ્વારા આદિવાસી પરંપરા અનુસાર ઢોલ, નગારા આદિવાસી નૃત્યો સાથે ભવ્યાતીભવ્ય સ્વાગત કરવામાં આવશે. વનવાસી જિલ્લાઓમાં ૪ ઉદવહન સિચાઈ યોજના તેમજ ૬ પાણી પુરવઠા યોજનાઓનું નિર્માણ થતા આદિવાસી વિસ્તારોમાં જળક્રાંતીથી વિકાસનો નવો ઉદય થશે. આદિવાસી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર માટે દ્વારા ૪૮૦૦ કરોડ જેટલી માતબર રકમનું આયોજન કરવામાં આવેલું છે.

## યુપીના બિજનોરમાં પુનઃ કોમી હિંસા

બિજનોર,તા. ૧૬

ઉત્તર પ્રદેશમાં બિજનોર જનપદના જિલ્લા હેડક્વાર્ટર પર આજે સવારે થયેલી હિંસક અથડામણમાં ચાર લોકોના મોત થયા છે અને ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. બે સમુદાયના લોકો આમને સામને આવી ગયા હતા. સંઘર્ષ દરમિયાન ગોળીબારમાં ચાર લોકોના મોત થઈ ગયા હતા. હિંસક અથડામણમાં ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. અહેવાલ મુજબ એક યુવતી સાથે છેડછાડના મામલા બાદ આની શરૂઆત થઈ હતી.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાત્રે રાજભવન પહોંચ્યા

### મોદીનું સ્વાગત કરવા અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ કોહલી અને મુખ્યપ્રધાન રૂપાણી પહોંચ્યા



અમદાવાદ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મોડી રાત્રે ગાંધીનગર ખાતે રાજભવન ખાતે આવી પહોંચતા રાજ્યપાલ ઓ.પી. કોહલીએ સ્વાગત કર્યું હતું. અગાઉ અમદાવાદ વિમાની મથકે પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદીના સ્વાગત માટે વિમાની મથકે ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેબિનેટના અન્ય પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. મોદીના જન્મદિવસની ઉજવણી આવતીકાલે કરવામાં આવનાર છે. સાથે સાથે જુદા જુદા કાર્યક્રમોમાં પણ મોદી ભાગ લેનાર છે. મોદીના સ્વાગત માટે પહેલાથી જ વિમાની મથકે ભાજપના કાર્યકરો ઉપસ્થિત થયા હતા. અમદાવાદ ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં હોવાથી પહેલાથી જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. યાત્રીઓની ચકાસણી પણ કરવામાં આવી હતી. મોદી આવતીકાલે પોતાની માતા હિરાબાના આશીર્વાદ લેશે.

# અરુણાચલ કોંગ્રેસમાં ફરી બળવો

## અરુણાચલમાં ગયા વર્ષે શરૂ થયેલી રાજકીય અસ્થિરતા જારી : મુખ્યમંત્રી પેમા ખાંડુ સહિત ૪૪ ધારાસભ્યો સ્થાનિક પાર્ટી પીપીએમાં સામેલ થતાં સરકારને પીપીએમાં ફેરવી દેવાઈ : કોંગ્રેસ પાસે હવે માત્ર એક ધારાસભ્ય

ઈટાનગર,તા. ૧૬

અરુણાચલ પ્રદેશમાં ફરીવાર કોંગ્રેસ પાર્ટીમાં બળવો થયો છે જેના કારણે અરુણાચલ ફરીથી કોંગ્રેસ પાર્ટીના હાથમાંથી નિકળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કોંગ્રેસથી પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ સહિત ૪૪ ધારાસભ્ય એનડીએના ફ્રન્ટમાં સામેલ થઈ ગયા છે. આ લોકો પિપલ્સ પાર્ટી ઓફ અરુણાચલ (પીપીએ)માં સામેલ થઈ ગયા છે. સૂત્રોએ કહ્યું છે કે, ખાંડુ કોંગ્રેસના ૪૩ ધારાસભ્યોની સાથે પીપીએમાં સામેલ થઈ ગયા છે. સરકારને પીપીએ સરકારમાં ફેરવી દેવામાં આવી છે. બે મહિના પહેલા કોંગ્રેસ સરકારની હાલત કફોડી બની ગઈ હતી. કોંગ્રેસમાં આ પ્રકારના ઘટનાક્રમ બાદ ખાંડુ રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા. કોંગ્રેસની સાથે હવે માત્ર એક જ ધારાસભ્ય પૂર્વ મુખ્યમંત્રી નબામ તુકી બચી ગયા છે. કોંગ્રેસે પાર્ટીમાં બળવાને રોકવા માટે પ્રયાસ હેઠળ જુલાઈ મહિનામાં તુકીની જગ્યાએ ખાંડુને મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપી હતી. પીપીએને ભાજપનું પણ સમર્થન છે. આ રીતે અરુણાચલ પ્રદેશની સત્તા ફરીએકવાર પરોક્ષરીતે ભાજપની પાસે આવી ગઈ છે. પ્રદેશમાં છેલ્લા વર્ષે શરૂ થયેલી રાજકીય અસ્થિરતાનો દોર હજુ પણ જારી રહ્યો છે. ખાંડુએ ૪૪ ધારાસભ્યો સહિત પીપીએમાં મર્જની જાહેરાત કરી હતી. પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલ ૧૯૭૯માં બની હતી અને આ એક સ્થાનિક પાર્ટી છે. પૂર્વ મુખ્યમંત્રી કાલિખો પુલ પણ ફેબ્રુઆરીમાં ૨૪ ધારાસભ્યોની સાથે કોંગ્રેસને છોડીને પીપીએમાં સામેલ થઈ ગયા હતા. સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરી બાદ કાલિફોને મુખ્યમંત્રી પદ છોડી દેવાની ફરજ પડી હતી. કલિફો થોડાક દિવસ બાદ જ પોતાના ઘરમાં મૃત હાલમાં મળી આવ્યા હતા. રાજ્યની ૬૦ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસના ૪૭ ધારાસભ્યો હતા.

● અનુસંધાન પાન-૬ પર

# રાજ્યમાં ખેડૂતોને એક જ સર્વે નંબરમાં બીજું ખેતીવાડી વીજ જોડાણ મળી શકશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના ઉર્જા તથા કૃષિ મંત્રી ચીમનભાઈ સાપરિયા અને ઉર્જા રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની ખેડૂતહિતલક્ષી આ રાજ્ય સરકારે વધુ એક ખેડૂતલક્ષી ક્રાંતિકારી નિર્ણય લઈને ખેડૂતોના વ્યાપક હિતમાં તેમના હયાત ખેતીવાડી વીજ જોડાણવાળા સર્વે નંબરમાં બીજુ ખેતીવાડી વીજ જોડાણ પણ આપવાનું નક્કી કરી ખેડૂતોની વર્ષો જુની માંગણી સંતોષવાનો નિર્ણય કર્યો છે.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રીઓએ જણાવ્યું હતું કે, આ રાજ્ય સરકારે હંમેશા ખેડૂતોના હિતને જ પ્રાધાન્ય આપ્યું છે જેના કારણે તાજેતરમાં જ વરસાદ ખેંચાતા ખેડૂતોને સહાયરૂપ બની ખેડૂતોના ખેતરમાં ઉભા પાકને રક્ષણ આપવા રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં આઠ કલાકને બદલે વીજ પુરવઠો વધુ બે કલાક એટલે કે દસ કલાક આપવાનો નિર્ણય લઈ ખેડૂતોની ચિંતા કરી છે. ફરી એક વખત રાજ્ય સરકારે ખેડૂતોની વર્ષો જુની માંગણીને ધ્યાને લઈ ફરી ખેડૂતલક્ષી નિર્ણય કરી આ સંવેદનશીલ સરકારે ખેડૂતોને વધુ એક સુવિધા પુરી પાડી છે. મંત્રીઓએ જણાવ્યું હતું કે હાલ એક સર્વે નંબરમાં એક જ ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવે છે. પરંતુ એક જ સર્વે નંબરમાં બીજુ ખેતીવાડી વીજ જોડાણ પણ આપવાની ખેડૂતોની માંગણી અને લાગણીને ધ્યાને લઈ સરકારશ્રીએ એક જ સર્વે નંબરમાં બીજુ ખેતીવાડી વીજ જોડાણ આપવાનો નિર્ણય કરેલ છે.

મંત્રીઓએ ઉમેર્યું હતું કે, આઠ એકર કરતા મોટા સર્વે નંબરમાં ખેડૂતોને એક જ સર્વે નંબરમાં હવેથી બીજુ કૃષિ વીજ જોડાણ મળી શકશે. જેથી ખેત ઉત્પાદનમાં પણ વધારો થશે અને ખેડૂતોની આવક પણ વધશે.

## સાવચેતીના પગલારૂપે રેશ્મા પટેલની ધરપકડ

અમદાવાદ, તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નવસારી ખાતેના દિવ્યાંગ કેમ્પનાં કાર્યક્રમમાં પાટીદારો દ્વારા કોઈ અઘટિત ઘટના ન બને એ માટે ક્રાઈમબ્રાંચ દ્વારા રેશ્મા પટેલની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ વિજય રૂપાણીના કાર્યક્રમમાં પાટીદારો દ્વારા જે ધમાલ કરવામાં આવી હતી એને પગલે તકેદારી રાખીને આજ રોજ ક્રાઈમબ્રાંચ દ્વારા રેશ્મા પટેલની ધરપકડ કરવામાં આવેલ છે.











